RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 14, Issue : 254, Dt.15-12-2023 Friday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ડુંગળીની નિકાસબંધીએ ખેડૂતોને રોવડાવ્યા



### ગોંડલ માર્કેટ યાર્ડમાં સતત બીજા દિવસે ખેડૂતોના વિરોધ પ્રદર્શન વચ્ચે ડુંગળીની હરરાજી ઠપ્પઃ રાજકોટ યાર્ડમાં આજે માલ ન આવતાં ડુંગળીની હરરાજી બંધ રાખવાની ફરજ પડીઃ ખેડૂતોના આંદોલનને લઈ ગોંડલ-રાજકોટ નેશનલ હાઈ-વે નજીક યાર્ડની બહાર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સૌરાષ્ટ્રમાં ડુંગળીના ભાવોને લઇ એક તરફ ખેડુતો આંદોલન કરી રહ્યા છે. ત્યારે વિવાદોને લઇને પણ યાર્ડમાં ડખ્ખા થવા લાગ્યા છે. આજે સતત બીજા દિવસે ગોંડલ યાર્ડમાં ડુંગળીની હરાજી બંધ રહી છે. ખેડુતોએ આજે પણ આંદોલન ચાલુ રાખ્યું છે. તો રાજકોટ માર્કેટ યાર્ડમાં આજે માલ ન આવતા ડુંગળીની હરાજી બંધ રાખવાની નોબત આવી છે.

ગોંડલ માર્કેટ યાર્ડમાં આજે સતત બીજા દિવસે ખેડુતોના વિરોધ પ્રદર્શન વચ્ચે ડુંગળીની હરાજી ઠપ્પ રહી હતી. યાર્ડ સતાધીશો દ્વારા ખેડુતોને મંત્રણા માટે સવારે બોલાવવામાં આવેલ હતા. ડુંગળીના પુરતા ભાવ મળતા ન હોય ખેડુતોમાં ઉગ્ર રોષ ભભુકી ઉઠયો છે. ખેડુતોએ ડુંગળીની કિાસ બંધી ઉઠાવી લેવાની માંગણી સાથે આજે બીજા દિવસે વિરોધ પ્રદર્શન શરૂ રાખેલ છે.

ગઇકાલે ગોંડલ રાજકોટ નેશનલ હાઇવે પર આવેલા માર્કેટીંગ યાર્ડમાં ડુંગળી લઇને આવેલા ખેડુતોએ હરાજીમાં વેપારીઓ નહીં આવતા અને ડુંગળીની નિકાશબંધીના મુદે હલ્લાબોલ મચાવી નેશનલ હાઇવે પર ચકકાજામ કરી દેતા નેશનલ હાઇવેની બંને બાજુ બેથી ત્રણ કિલોમીટર સુધી વાહનોની લાંબી કતાર જામી હતી. ખેડુતોએ માર્કેટીંગ યાર્ડના મુખ્ય ગેટ પર એકઠા થઇ દરવાજા બંધ કરી યાર્ડમાં જતા વાહનોને અટકાવી રોષ વ્યકત કર્યો હતો. ખેડુતોએ યાર્ડના ગેટ પાસે ઘેરાબંધી કરી સરકાર વિરોધી સુત્રોચ્ચાર કર્યા હતા. ગઇકાલે યાર્ડમાં સવારે શરૂ થયેલી હરાજી બંધ કરાવી હતી.

ખેડૂતોના આંદોલનને લઈને નેશનલ હાઇવેની નજીક આવેલા યાર્ડની બહાર ચુસ્ત પોલીસ-બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. ગઈકાલે પણ ખેડૂતોએ પોતાને ડુંગળી રસ્તા ઉપર ફેંકીને વિરોધપ્રદર્શન કર્યું હતું. હાઇવે પર ચક્કાજામ કરી સરકાર વિરુદ્ધ નારાબાજી કરી હતી. આજે પણ હાઇવે પર ચક્કાજામ ના કરે એને લઈને પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. ગઈકાલના રોજ માર્કેટયાર્ડમાં ૫૫,૦૦૦ ડુંગળીના કટ્ટાની આવક થઈ હતી. ડુંગળીની મોટી આવક વચ્ચે કોઈ ખરીદદાર ન મળતાં ખેડૂતો રોષે ભરાયા હતા. માર્કેટયાર્ડના મેઈન ગેટ આગળ ડુંગળી ફેંકી ખેડૂતોએ ગેટ બંધ કરી વિરોધપ્રદર્શન કર્યું હતું.

ગોંડલ માર્કેટયાર્ડના બન્ને મુખ્ય ગેઈટ બંધ થતાં યાર્ડ બહાર અન્ય જણસ સાથે લસણ ભરેલાં વાહનોની કતારો લાગી છે. સરકાર અને માર્કેટયાર્ડ સત્તાધીશો સામે પણ ડુંગળી પકવતા ખેડૂતોએ રોષ ઠાલવ્યો છે. બપોર સુધીમાં માર્કેટયાર્ડ સત્તાધીશો ખેડૂતોના પ્રશ્ને વાચા નહીં આપે તો ધોરાજીના ખેડૂતે આત્મવિલોપન કરવાની ચીમકી ઉચ્ચારી છે. ડુંગળીની નિકાસબંધીને લઈને ખેડૂતોનું આંદોલન આગામી દિવસોમાં ઉગ્ર બનાવવાની પણ સંભાવના છે.

## મથુરા શ્રીકૃષ્ણ જન્મભૂમિ વિવાદમાં સુપ્રીમે અલ્હાબાદ હાઈકોર્ટના નિર્ણયને યથાવત રાખ્યો

### ઈદગાહ મસ્જિદના સર્વેના નિર્ણય પર રોક લગાવવાનો કર્યો ઈન્કારઃ મુસ્લિમ પક્ષને ઝટકો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

મથુરા શ્રીકૃષ્ણ જન્મભૂમિ મામલે સુપ્રીમ કોર્ટથી મુસ્લિમ પક્ષને ઝટકો લાગ્યો છે. ગઈકાલે હિન્દૂ પક્ષની અરજીનો સ્વીકાર કરતા અલ્હાબાદ હાઈકોર્ટે શાહી ઈદગાહ મસ્જિદ પરિસરના સર્વેનો આદેશ આપ્યો હતો. ત્યારબાદ હાઈકોર્ટના આદેશને મુસ્લિમ પક્ષકારોએ સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો. ત્યારે આજે સુપ્રીમ કોર્ટે મુસ્લિમ પક્ષકારોને કોઈ રાહત ન આપી. સુપ્રીમ કોર્ટે અલ્હાબાદ હાઈકોર્ટના નિર્ણય પર રોક લગાવવાનો ઈન્કાર કર્યો છે.



મથુરાની શાહી ઈદગાહ મસ્જિદ મામલે હિન્દૂ પક્ષને મોટી સફળતા મળી છે. અલ્હાબાદ હાઈકોર્ટે પરિસરના સર્વેની ગઈકાલે મંજૂરી આપી દીધી હતી. અલ્હાબાદ હાઈકોર્ટે મથુરામાં શ્રીકૃષ્ણ જન્મભૂમિ મંદિરથી જોડાયેલા શાહી ઈદગાહ પરિસરના સર્વેક્ષણ માટે કોર્ટની દેખરેખમાં એક એડવોકેટ કમિશ્નરની નિયુક્તિની માંગ સ્વીકારી લીધી છે. હવે કોર્ટ ૧૮ ડિસેમ્બરે નક્કી કરશે કે સર્વેની રૂપરેખા શું હશે. મતલબ કે સર્વે ક્યાં સુધી ચાલશે, પરિસરના ક્યા ક્યા ભાગમાં થશે સર્વે, સર્વેમાં કેટલા લોકો રહેશે સામેલ. આ તમામ પાસાઓ પર ૧૮ ડિસેમ્બરે હાઈકોર્ટ નિર્ણય લેશે.

હિન્દૂ પક્ષે પોતાની અરજીમાં મથુરાના ઈદગાહ પરિસરનો સર્વે કરવાની માંગ કરી હતી. અજાંઈની દેખરેખમાં થનારો આ સર્વે વારાણસીના જ્ઞાનવાપી સર્વેની જેમ જ હશે. પરંતુ હિન્દૂ પક્ષ મથુરાના સર્વેની ફોટોગ્રાફી અને વીડિયોગ્રાફી પણ કરાવવાની માંગ કરી રહ્યો છે. આ સિવાય ઈદગાહથી જોડાયેલા તથ્યોની પણ તપાસ કરાવવામાં આવશે, જેમને લઈને હિન્દૂ પક્ષ કેટલાક દાવા કરતો આવી રહ્યો છે. ઉલ્લેખનીય છે કે, હિન્દૂ પક્ષના દાવાઓમાં કહેવામાં આવે છે કે, ઈદગાહ પરિસરમાં કેટલીક પ્રકારના હિન્દૂ પ્રતીક ચિહ્ન હાજર છે.

## ૨૦૨૪નું વર્ષ ભારતનું બની રહેશેઃ આર્થિક મહાસત્તા બનવાના માર્ગે

### અમેરિકી ફોરમ ભારતના વિકાસ પર આફરીનઃ ભારત ઐતિહાસિક સમયને નવા અવસરમાં પલટશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

વિશ્વસ્તરે આર્થિક સ્લોડાઉન છતાં અસામાન્ય ગતિએ ભારતીય અર્થતંત્ર ધબકતુ જ રહ્યું છે અને વિશ્વ ભરમાં સૌથી ઉંચો વિકાસદર હાંસલ કરી રહ્યું છે ત્યારે ભારત આવનારા સમયમાં દુનિયાનું નંબર વન અર્થતંત્ર બની જશે એટલું જ નહીં આગામી ૨૦૨૪નું વર્ષ ભારતનું બની રહેશે અને ભારત આર્થિક મહાસતા બનવાના માર્ગે આગળ ધપશે તેવું અત્યંત મહત્વપૂર્ણ વિધાન ભારત-અમેરિકી રણનીતિક સહયોગ ફોરમ દ્વારા કરવામાં આવ્યું છે. ફોરમના અધ્યક્ષ જોન ચેમ્બર્સે કહ્યું કે ભારત ઈતિહાસના અત્યંત મહત્વપૂર્ણ તબકકે છે અને આ ઐતિહાસિક સમય પર કબ્જો કરશે. વિકાસ-પ્રગતિ તરફ આગળ વધશે અને આવતા વર્ષો માટે નવી તકોનું નિર્માણ કરશે.



તેઓએ કહ્યું કે ૨૦૨૩નુ વર્ષ ભારત અને અમેરિકા વચ્ચેની ભાગીદારી માટે મહત્વનું રહ્યું હતું. ૨૦૨૪માં પણ બન્ને દેશો મહત્વના રણનીતિક ભાગીદાર બનશે અને દુનિયાભરને નવા ઈનોવેશન-શોધ માટે દિશા આપશે તથા નવી રોજગારીઓનું સર્જન કરશે. તેઓએ કહ્યું કે ડીજીટલ તથા આર્ટિફીશીયલ ઈન્ટેલીજન્સ જેવી ટેકનોલોજીની ભૂમિકા મહત્વપૂર્ણ રહેશે. ભારતની અમેરિકા ઉપરાંત અન્ય વિકસીત રાષ્ટ્રો સાથે સહયોગ અને વ્યુહાત્મક ભાગીદારી વધારવાની ઉત્સુકતાનું પણ મોટુ યોગદાન હશે. જોન ચૈમ્બર્સે એવો દાવો કર્યો હતો કે સાઈબર સુરક્ષા ક્ષેત્રમાં ફરી જોરદાર તેજી આવશે. ૨૦૨૩ના સાઈબર હુમલા તથા તેનાથી જંગી આર્થિક-નાણાકીય નુકશાન આ ક્ષેત્રના વિકાસના દ્વાર ખોલશે.

માત્ર કલોરોકસ સાઈબર હુમલામાં જ ૬૦ કરોડ ડોલરનું આર્થિક નુકશાન થયુ હતું. આર્ટિફીશ્યલ ઈન્ટેલીજન્સ ૨૦૨૪માં સૌથી મોટો ટેકનીકલ બદલાવ લાવવાની ભવિષ્યવાણી કરતા તેઓએ કહ્યું કે આ ટેકનોલોજી મુખ્ય ધારામાં સામેલ થઈ જશે. ૨૦૨૪માં આ ટેકનાલોજી ખૂબ આગળ વધશે. ડીજીટલ યુગમાંથી આર્ટિફીશીયલ ઈન્ટેલીજન્સના યુગમાં પ્રવેશ થશે. દરેક કંપનીમાં આ ટેકનોલોજીની માંગ કરશે. સ્ટાર્ટઅપ તેનો ઉપયોગ નહીં કરે તે નિષ્ફળ જશે. મોટી કંપનીઓને પણ ફરજ પડશે. એઆઈ ટેકનોલોજી મોટી માર્કેટો તથા માણસોના મગજ પર કબ્જો કરી લેશે. જો કે, ડીપફેક સામાન્ય લોકોથી માંડીને કંપની-સરકારો માટે પણ મોટો ખતરો બનવાની ચેતવણી ઉચ્ચારી હતી.

## શેરબજારમાં રેકોર્ડબ્રેક તેજીઃ સેન્સેક્સ ઓલટાઈમ હાઈ

### સેન્સેક્સ ૭૧૦૦૦ અને નિફ્ટી ૨૧૩૦૦ની સપાટીને આંબ્યો

**મુખ્ય સમાચાર, મુંબઈ**

ભારતીય શેરબજારમાં રેકોર્ડબ્રેક તેજીનો પ્રારંભ થઈ ગયો છે અને સેન્સેકસ આજે ઉઘડતા જ ૭૧૦૦૦ની સપાટી વટાવી ગયો હતો જયારે નિફ્ટી ૨૧૩૦૦ની સપાટી તોડીને આગળ નીકળી ગયો છે. અમેરિકા ફેડ દ્વારા વ્યાજદરમાં ઘટાડો કરવાની જાહેરાત થતા જ ભારતીય શેરબજારમાં પણ જબરી તેજીની લહેર આજે જોવા મળી હતી અને સેન્સેકસ ૫૫૦ પોઈન્ટ વધી ગયો હતો. નિફ્ટીમાં પણ થયેલા વધારાએ માર્કેટને મજબૂતાઈ બક્ષી છે. આજે




સપ્તાહના અંતિમ દિવસે શેરબજાર નવુ હાઈ બનાવીને સોમવારથી જો કોઈ નવા ફેકટર ન દેખાય તો માર્કેટ વધુ ઉંચે જશે તેવું માનવામાં આવે છે. આજે આઈટી શેરોમાં મોટો વધારો જોવા મળ્યો હતો.

## સંસદકાંડના માસ્ટર માઈન્ડ લલીત ઝા પોલીસના શરણેઃ દિલ્હી પોલીસે દરોડા પાડી ભીંસ વધારી હતી

### ઘટના બાદ રાજસ્થાન નાસી છૂટયો હતોઃ પોતાના અને ચાર સાથીઓના મોબાઈલ સળગાવી દીધા હોવાનો દાવો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સંસદભવનની સુરક્ષામાં છીંડા પાડીને લોકસભા ગેલેરીમાંથી ગૃહમાં કુદકો મારી સ્મોક સ્ટીકની જબરી અફડાતફડી સર્જાવાની ઘટનાના માસ્ટર માઈન્ડ લલિત ઝાએ ગઈકાલે દિલ્હી પોલીસ સમક્ષ આત્મસમર્પણ (સરન્ડર) કરતા હવે તપાસમાં ગતિ આવશે. આ ઘટના સમયે સંસદભવનના પ્રાંગણમાં પણ તે મોજૂદ હતો અને ભવન બહાર જે રીતે તેના બે સાથીદારોએ સ્મોક





સ્ટીકની ગુલાબી રંગના ધુમાડા છોડી સુત્રોચ્ચાર કરીને સૌનું ધ્યાન ખેંચ્યું હતું

તે સમયે લલિત ઝાએ તે દ્રશ્યોના વિડીયો ઉતારી તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટમાં અપલોડ કરી નાસી છુટયો હતો. લલિત ઝાએ આ મુદ્દે તેના તમામ ચાર સાથીદારોના મોબાઈલ પણ પોતાની પાસે લઈ લીધા હતા અને ગઈકાલે પોલીસના જણાવ્યા મુજબ તે આ ઘટનાથી બાદ દિલ્હીથી રાજસ્થાન ભણી નાસી છુટયો હતો અને તમામ ફોન પણ સળગાવી દીધા હતા. એક તરફ પોલીસ લલિત ઝાને ઝડપવા માટે અનેક રાજયોમાં દરોડા પાડી રહી હતી તે સમયે તે ખુદ રાજસ્થાનથી દિલ્હી પરત આવીને પાટનગરના કર્તવ્ય માર્ગે પોલીસ સ્ટેશનમાં હાજર થઈ ગયો હતો. જો કે હજુ સુધી તેના કોઈ સંગઠન કે રાજકીય પક્ષ સાથે જોડાયા હોય તેવા પુરાવા મળ્યા નથી

પણ આ ઝડપાયેલા પાંચ ઉપરાંત હજું વધુ લોકો આ પ્રકારે સંસદ પર હુમલામાં સંડોવાયેલા હોય તેમ મનાય છે. પોલીસના જણાવ્યા મુજબ તે મહેશ નામના એક વ્યક્તિની ભૂમિકા પણ ચકાસી રહી છે. જેણે નાગોરમાં લલિતને આશરો આપ્યો હતો. પોલીસ હવે સમગ્ર ઘટનાની કડીઓ જોડવાનું કામ શરુ કર્યુ છે કે આજે લલિતને પણ રીમાન્ડ પર લેવાશે. પોલીસને આ અંગે મહેશ દુધાવતને પણ કસ્ટડીમાં લીધો હોવાના અહેવાલ છે. મહેશ પણ ભગતસિંહ ફેન ગ્રુપનો સભ્ય છે.

## નિકાસ તથા જીડીપીમાં MSMEના હિસ્સામાં ઘટાડો

### નિકાસ તથા જીડીપીમાં MSMEનો હિસ્સો ૨૯ ટકા જે કોરોના પહેલાની ઉંચાઈએથી નીચેઃ ગત નાણાંકીય વર્ષમાં દેશમાં ૧૩૦૦૦ જેટલા એમએસએમઈ બંધ પડી ગયા

**મુખ્ય સમાચાર, મુંબઈ**

નાણાં વર્ષ ૨૦૨૧-૨૨માં દેશના ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડકટસ (જીડીપી)માં માઈક્રો, સ્મોલ તથા મીડિયમ એન્ટરપ્રાઈઝિસ (એમએસએમઈ)નો હિસ્સો ૨૯ ટકા સાથે કોરોના પહેલાની ઊંચાઈએથી નીચે રહ્યો હતો. ૨૦૧૮-૧૯ એટલે કે કોરોના પહેલાના વર્ષમાં એમએસએમઈનો હિસ્સો ૩૧ ટકા હતો, એમ સરકારી ડેટા જણાવી રહ્યા છે.

ગયા નાણાં વર્ષમાં એમએસએમઈ પ્રોડકટસનો નિકાસ આંક ૨૦૦ અબજ ડોલર રહ્યો હતો, પરંતુ ભારતની એકંદર નિકાસમાં તેમનો હિસ્સો ઘટી ૪૪ ટકા સાથે પાંચ વર્ષની નીચી સપાટીએ રહ્યો હતો.

કોરોના પહેલાના નાણાં વર્ષ એટલે કે ૨૦૧૯-૨૦ની કુલ નિકાસમાં પચાસ



ટકા હિસ્સો એમએસએમઈનો રહ્યો હતો. ત્યારબાદ તેમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. નાણાં વર્ષ ૨૦૨૦થી નાણાં વર્ષ ૨૦૨૩ના ગાળામાં દેશની એકંદર નિકાસ ૩૧૩ અબજ ડોલરથી ૪૪ ટકા વધી ૪૫૦ અબજ ડોલર પહોંચી છે.

ગયા નાણાં વર્ષમાં દેશમાં ૧૩૦૦૦ જેટલા એમએસએમઈ બંધ પડી ગયા છે જે છેલ્લા ચાર વર્ષમાં સૌથી મોટો આંક છે. દેશના જીડીપી તથા નિકાસમાં એમએસએમઈ ક્ષેત્રના યોગદાનમાં ઘટાડો સરકારે નિશ્ચિત કરેલા ટાર્ગેટથી વિપરીત છે. ૨૦૨૦માં સરકારે દેશની નિકાસમાં એમએસએમઈનો ફાળો પાંચ વર્ષમાં ૪૯ ટકા પરથી વધારી ૬૦ ટકા કરવા તથા જીડીપીમાં હિસ્સો ૩૦ ટકા પરથી વધારી ૫૦ ટકા કરવા ટાર્ગેટ મૂકયો હતો.

કેટલાક અંદાજો અનુસાર, એમએસએમઇ દેશના કુલ ઘરેલુ ઉત્પાદનમાં ૨૭ ટકા યોગદાન આપે છે અને રોજગારમાં તેમનું યોગદાન ૧.૧ કરોડ છે. જો કે જરા ઊંડે જઈએ તો એક અલગ જ ચિત્ર સામે આવે છે. એમએસએમઈ ભારતના નિયમનકારી માળખાના અદ્રશ્ય અવરોધોના લક્ષણનું પ્રતિનિધિત્વ કરે છે. તેમાં હજુ પણ ૧૦૦ કરતા ઓછા કર્મચારીઓ છે. એટલે કે અર્થતંત્રમાં તેમનું યોગદાન બહુ વધારે નથી. એવું લાગે છે કે બંને મુદ્દા સાચા છે. દેશમાં મોટી સંખ્યામાં એમએસએમઈ કાર્યરત છે પરંતુ તેઓ વિકાસ માટે સંઘર્ષ કરી રહ્યા છે

## જથ્થાબંધ ફુગાવો ૮ મહિનામાં સર્વોચ્ચ સ્તરેઃનવેમ્બરમાં વધીને ૦.૨૬% થયોઃ ખાદ્ય ચીજોની કિંમતોમાં વધારો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ખાદ્ય ચીજવસ્તુઓના ભાવમાં વધારા વચ્ચે નવેમ્બરમાં ભારતનો જથ્થાબંધ ફુગાવાનો દર વધીને ૦.૨૬% થયો છે. અગાઉ ઓક્ટોબર મહિનામાં તે -૦.૫૨% હતો. આ ૭ મહિના પછી છે જ્યારે જથ્થાબંધ ફુગાવો શૂન્યથી ઉપર છે. ખાદ્ય ફુગાવો ૧.૦૭%થી વધીને ૪.૬૯% થયો છે.

ઓક્ટોબરની સરખામણીમાં ખાદ્ય ફુગાવો ૧.૦૭%થી વધીને ૪.૬૯% થયો છે. દૈનિક આવશ્યક ચીજવસ્તુઓનો મોંઘવારી દર ૧.૮૨%થી વધીને ૪.૭૬% થયો છે. ઇંધણ અને વીજળીનો જથ્થાબંધ ફુગાવાનો દર -૨.૪૭%થી ઘટીને -૪.૬૧% થયો છે. ઉત્પાદિત



ઉત્પાદનોનો ફુગાવાનો દર -૧.૧૩%થી વધીને -૦.૬૪ થયો છે. નવેમ્બરમાં છૂટક ફુગાવો વધીને ૫.૫૫% થયો

અગાઉ, સરકારે ૧૨ ડિસેમ્બરે છૂટક ફુગાવાના આંકડા જાહેર કર્યા હતા. તેમના મતે, ત્રણ મહિનાના ઘટાડા પછી નવેમ્બરમાં ભારતનો રિટેલ ફુગાવો વધીને ૫.૫૫% થયો છે. તેનું કારણ શાકભાજી અને ફળોના ઊંચા ભાવ છે. ઓક્ટોબરમાં છૂટક ફુગાવો ૪.૮૭% હતો.

ડિપાર્ટમેન્ટ ઓફ કન્ઝ્યુમર અફેર્સ ડેટા અનુસાર, નવેમ્બરમાં ડુંગળીના ભાવમાં મહિને દર મહિને ૫૮% વધારો થયો હતો, જ્યારે ટામેટાના ભાવમાં ૩૫% વધારો થયો હતો. આ સિવાય નવેમ્બરમાં બટાકાના ભાવમાં પણ ૨%નો વધારો જોવા મળ્યો હતો.

WPIનો ઉપયોગ ભારતમાં ફુગાવાને માપવા માટે થાય છે. રાજકોષીય અને નાણાકીય નીતિમાં ફેરફાર WPIમાં થતા ફેરફારોથી ખૂબ પ્રભાવિત થાય છે. જ્યારે અમેરિકામાં, પ્રોડ્યુસર પ્રાઇસ ઇન્ડેક્સનો ઉપયોગ ફુગાવાને માપવા માટે થાય છે.

# જામનગરના બેડી વિસ્તારમાં ચાલતી ઘોડી પાસાની મીની ક્લબ પર એલસીબીનો દરોડો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના બેડી વિસ્તારમાં એક મકાનમાં ઘોડીપાસાની મીની ક્લબ ચાલી રહી છે, તેવી બાતમી ના આધારે એલસીબી ની ટુકડીએ દરોડો પાડ્યો હતો, અને બે શખ્સોની અટકાયત કરી છે. પરંતુ એક મહિલા સહિતના સાત આરોપીઓ ભાગી છૂટ્યા હોવાથી તમામને ફરારી જાહેર કરી તેઓની શોધખોળ હાથ ધરવામાં આવી છે.એલસીબી ની ટુકડીએ બેડી વિસ્તારમાં ઇન્ડિયન ગેસ ના ગોદામ પાસે આવેલા એક મકાનમાં દરોડો પાડી ઘોડીપાસા વડે જુગાર રમી રહેલા ભરત ટેકચંદ રામનાણી



તેમજ ચંદુલાલ રિજુમલ કુકડીયા ની અટકાયત કરી લીધી હતી, અને તેઓ પાસેથી રૂપિયા એક લાખની રોકડ રકમ અને મોબાઈલ ફોન સહિત નું સાહિત્ય કબજે કર્યું છે.આ દરોડા સમયે આઈસાબેન નુંરમહંમદભાઈ સાયચા નામની વાઘેર મહિલા, ઉપરાંત સિકંદર નૂર મહંમદ સાયચા, મુકેશ ભરવાડ, સતીશ ઉર્ફે સતીયો સિંધી, રમેશ પ્રેમજીભાઈ સિંધી, અને આર.કે ઉર્ફ રામુ, ઉપરાંત અન્ય બે અજ્ઞાત શખ્સો કે જેઓ પોલીસને જોઈને ભાગી છુંટયા હોવાથી તે તમામને ફરારી જાહેર કરી શૌધખોળ હાથ ધરવામાં આવી છે.

# ટંકારા નિવાસી સ્વ. કેશવલાલ છગનલાલ ભમ્મરના ધર્મપત્નિ ચંદ્રીકાબેનનું દુઃખદ અવસાન

**મુખ્ય સમાચાર, મોરબી**

ટંકારા નિવાસી ચંદ્રીકાબેન કેશવલાલ ભમ્મર તે સ્વ.કેશવલાલ છગનલાલ ભમ્મર ના ધર્મપત્નિ તથા ગિરીશભાઈ, રાજુભાઈ, પ્રકાશભાઈ, મનીષભાઈ, પરેશભાઈ, સરોજબેન નિલેશભાઈ (ઘનશ્યામભાઈ) ભોજાણી મોરબી , મિનાબેન ભાવેશભાઈ ગણાત્રા ધ્રોલના માતુશ્રી તથા મોરબી નિવાસી સ્વ દેવચંદભાઈ ચંદારાણાના દિકરી તે રાજકોટ ભવાની જ્વેલર્સ અને મોરબી શ્રીનાથજી જ્વેલર્સ વાળાનું આજ રોજ ૧૪ - ૧૨-૨૦૨૩ને ગુરૂવારે શ્રીજી ચરણ પામ્યા છે. ઈશ્વરને ગમ્યું એ ખરૂ સદગત નુ બેસણું તથા પિયરપક્ષની સાદડી ૧૮ ડિસેમ્બર ને સોમવારે બપોરે ઉથીપ લોહાણા મહાજન વાડી ટંકારા ખાતે રાખેલ છે.



# શ્રી ઉમિયા માતાજી મંદિર સિદસર દ્વારા, સિદસર દ્વારા મોરબીના શિક્ષક વિજયભાઈ દલસાણિયાનું સન્માન કરાયું

**મુખ્ય સમાચાર, મોરબી**

શ્રી ઉમિયા માતાજી મંદિર સિદસર દ્વારા દર વરસે વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનારનુ પ્રતિભાશાળી સન્માન કરીને તેમને પ્રોત્સાહિત કરવાનું ઉત્તમ કાર્ય કરવામાં આવે છે. તા.૧૦/૧૨/૨૩ના રોજ શ્રી ઉમિયા માતાજી મંદિર સિદસર ખાતે મોરબીના શિક્ષક વિજયભાઈ દલસાણીયાનું સન્માન માનનીય, આદરણીય,વડિલ એવા ચીમનભાઈ સાપરીયા સાહેબના હસ્તે થયું. આ સન્માન તેમને રાજ્યના બેસ્ટ ટીચર તરીકેનો એવોર્ડ-૨૦૨૨ સન્માનીય, આદરણીય ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના હસ્તે પ્રાપ્ત થતાં કરવામાં આવ્યું.વિજયભાઈને અત્યાર સુધીમાં ૧૨એવોર્ડ ને ૪૮ સન્માન પ્રાપ્ત થયા છે.તેમના આ કાર્યને પ્રોત્સાહિત કરવા બદલ સમગ્ર શ્રી ઉમિયા માતાજી મંદિર સિદસરના તમામ ટ્રસ્ટીગણ અને પાટીદાર પરિવારોનો આભાર વ્યક્ત કર્યો હતો.



# જામનગરમાં દારૂની હેરફેર કરતી મહિલા બુટલેગર ઝડપાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જીલ્લા પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલૂએ પ્રોહી જુગાર શોધી કાઢવા સુચના આપેલ હોય તેમજ નાયબ પોલીસ અધિક્ષક જયવીરસિહ એન.ઝાલાના માર્ગદર્શન મુજબ , આજરોજ સીટી એ ડીવી પો.સ્ટે.ના પોલીસ ઇન્સપેકટર એન.એ.ચાવડાની સુચનાથી સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ બી.એસ.વાળા સાથે સર્વેલન્સ સ્કોડના માણસો જામનગર સીટી એ ડીવી પો.સ્ટે વિસ્તારમા પ્રોહી જુગાર અંગે પ્રોહી જુગાર અંગે પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન સર્વેલન્સ સ્કોડના પો.કોન્સ . વિક્રમસિહ ભરતસિંહ જાડેજા તથા પો.હેડ.કોન્સ . રવીરાજસિંહ અનીરૂધ્ધસિહ જાડેજાને ચોકકસ રાહે બાતમી મળેલ કે , ગ્રીનસીટી






શેરી નંબર ૧ રાજ મેડીકલ ઉપર ગ્રીનસીટી પ્લાઝા એપાર્ટમેન્ટમાં રહેતા પુનીતાબેન ભાનુશાળી વિદેશી દારૂનો વહેચાણનો ધંધો કરે છે અને હાલ વિદેશી દારૂ તેની પાસે આવેલ છે અને હાલ સફેદ કલરની સ્વીટમાથી વિદેશી દારૂની હેરાફેરી તેના ઘર પાસે કરે છે . તેવી હીકકત આધારે સદરહુ જગ્યાએ રેઇડ કરતા પુનીતાબેન વા. ઓફ જયેશભાઇ જેન્તીભાઇ કનખરા જાતે ભાનુશાળી ઉ.વ ૩૯ ધંધો ધરકામ રહે .રણજીતસાગર રોડ ગ્રીનસીટી શેરી નંબર ૧ રાજ મેડીકલ ઉપર ગ્રીનસીટી પ્લાઝા એપાર્ટમેન્ટ બીજા માળે ફ્લેટ નંબર ૨૦૩ જામનગર વાળી પાસેથી વિદેશી દારૂની બોટલ નંગ -૧૩૨ કી.રૂ ૬૬,૦૦૦ તથા ભારતીય બનાવટના વિદેશી દારૂના ચપટા નંગ - ૭૧ કિ.રૂ .૭,૧૦૦ તથા સ્વીફ્ટ કાર રજી નંબર GJ 13 N 2889 વાળીની કિ.રૂ .૨,૦૦,૦૦૦ મળી કુલ રૂ.૨,૭૩,૧૦૦ના મુદામાલ સાથે રેઇડ દરમ્યાન પકડાઇ જતા મજકુર મહીલા વીરૂધ્ધ એ.એસ.આઇ. એમ.એલ. જાડેજાએ કાર્યદેસરની કાર્યવાહી કરેલ છે . તેમજ આ અંગે પો.હેડ.કોન્સ રવીરાજસિંહ અનીરૂધ્ધસિંહ જાડેજાએ તેમની સામે ધોરણસર થવાની ફરીયાદ આપેલ છે . તેમજ વિદેશી દારૂ સપ્લાયર તરીકે મયુરભાઇ મગનભાઇ મોદી રહે.નાનકપુરી જામનગર વાળાને શોધવા તજવીજ કરવામા આવેલ છે

# જામનગરમાંથી ૩ ચોરાઉ મોબાઈલ સાથે ૧ની અટક

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના મહાકાળી સર્કલ પાસેથી એલસીબીએ એક શખ્સને શક પડતા ત્રણ મોબાઈલ સાથે પકડી પાડી પૂછપરછ કરતા આ શખ્સે તે મોબાઈલ વીસેક દિવસ પહેલાં ભીડવાળી જગ્યાઓએથી ચોરી કર્યાની કબુલાત આપી છે.જામનગરના દિગ્જામ સર્કલ નજીકના મહાકાળી સર્કલ પાસેથી પસાર થતાં બેડીમાં એકડેએક બાપુની દરગાહ પાસે રહેતા જુસબ રઝાક શેખ ઉર્ફે સોહિલ ફકીર નામના શખ્સને અટકાયતમાં લેવાયો હતો.આ



શખ્સની તલાશી લેવાતા તેના કબજામાંથી રીયલમી, ટેકનો, ઈન્ફીનીક્સ કંપનીના ત્રણ મોબાઈલ મળી આવ્યા હતા. આ મોબાઈલ અંગે પૂછપરછ કરાતા તે શખ્સ પાસે તેના બીલ કે કોઈ આધાર ન હોવાથી એલસીબીએ રૂા.૧૫ હજારના ત્રણેય મોબાઈલ શક પડતી મિલકત તરીકે ઝબ્બે લઈ જુસબ શેખને એલસીબી કચેરીએ ખસેડયો હતો.જ્યાં પૂછપરછમાં તેણે આ મોબાઈલ વીસેક દિવસ પહેલા રાત્રિના સમયે શહેરના જુદા જુદા વિસ્તારમાંથી તફડાવ્યાની કબૂલાત આપી છે.

# મોરબી સબ જેલ ખાતે બંદીવાન ભાઈઓ માટે મેડિકલ કેમ્પ યોજાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી સબ જેલ ખાતે જેલમાં રહેલ બંદીવાન ભાઈઓ માટે જનરલ બીમારી તેમજ ચામડીના રોગના નિષ્ણાત તબીબો દ્વારા નિદાન સારવારનો મેડિકલ કેમ્પનું સિવિલ હોસ્પિટલ મોરબીના સહયોગથી આયોજન કરવામાં આવેલ છે. આ મેડિકલ કેમ્પ ને સફળ બનાવવા જેલ અધિક્ષક ડી.એમ.ગોહેલ તેમજ જેલર પી.એમ.ચાવડા, અને જેલ સ્ટાફ નો સહકાર રહેલ હતો





# માળીયા (મી.) ને નગરપાલીકા બનાવવામા આવી પરંતુ ગ્રામ પંચાપત જેટલી સુવિધાનો પણ અભાવઃ આપ દ્વારા ગંભીર આક્ષેપ

**મુખ્ય સમાચાર, મોરબી**

આમ આદમી પાર્ટીના જીલ્લા પ્રભારી પંકજ રાણસરીયા તથા જીલ્લા મહામંત્રી ભાવિન ફેફર-એડવોકેટ તથા માળીયા મી. તથા મોરબી જીલ્લાના આમ આદમી પાર્ટીના કાર્યકર્તા તથા માળીયા (મી.) ની પ્રજા ને સાથે રાખી માળીયા (મી.) ની પ્રાથમીક જરૂરિયાત જેવી કે, રોડ રસ્તા, સારૂ આરોગ્ય, ત્થા મફત સારૂ શિક્ષણ તથા બસ સ્ટેશન, મામલતદાર કચેરીનુ નવિનીકરણ કરવા બાબતનુ આવેદન આપવામા આવેલ છે. જયાર થી માળીયા (મી.) ને નગરપાલીકા બનાવવામાં આવેલ છે પરંતુ માળીયા (મી.) ને ગ્રામ



પંચાપત જેટલી પણ સુવિધા પ્રશાસન ત્થા સરકાર દ્વારા આપવામા આવતી નથી તેવા આક્ષેપો આમ આદમી પાર્ટીના જીલ્લા પ્રભારી પંકજ રાણસરીયા તથા જીલ્લા મહામંત્રી ભાવિન ફેફર-એડવોકેટ દ્વારા કરવામા આવેલ છે. વધુમા તેઓ દ્વારા એમ પણ કહેવામાં આવેલ કે માળીયા (મી.) શહેર કોઈપણ અધીકારી કે પદધિકારી મુલાકત માટે જતું નથી એટલે માળીયા (મી.) ની પ્રજા શું ગુજરાતમાં રહેતી નથી ? માળીયા (મી.) શહેર મોરબી જીલ્લામાં નથી આવેલ ? તો કેમ માળીયા (મી.) શહેરના લોકો સાથે આવો અન્યાય કરાવામાં આવે છે ? આમ આદમી પાર્ટીના નેતાઓ દ્વારા જણાવામાં આવેલ છે કે આમ આદમી પાર્ટી જયા અન્યાય થતો હશે તેમની સાથે હરહંમેશ રહેશે તેથી જો માળીયા (મી.) શહેરના આ પ્રાથમીક મુદાઓનુ નિવારણ કરવામાં નઈ આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે માળીયા (મી.) શહેરની પ્રજાને સાથે રાખી આંદોલન કરવામાં આવશે તેવી ચીમકી પણ ઉચ્ચારી હતી.

# જામનગરની ગર્વમેન્ટ ડેન્ટલ કોલેજ અને હોસ્પિટલને ISP દ્વારા રાષ્ટ્રીય કક્ષાનો એવોર્ડ એનાયત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જામનગર, ઇન્ડિયન સોસાયટી ઓફ પેરીઓડોંટોલોજી દ્વારા વર્લ્ડ ઓરલ હેલ્થ ડેની ઉજવણીના ભાગરૂપે ૧૦ દિવસ સુધી દેશભરની ડેન્ટલ કોલેજોમાં વિવિધ સ્પર્ધાઓ જેવીકે રંગોળી, ક્વિઝ, સ્કિટ, પોસ્ટર, ટી-શર્ટ પેઇન્ટિંગ, ફ્લેશ મોબ્સ, ડેન્ટલ ચેકઅપ અને સ્ક્રિનિંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાઓમાં દેશભરની ૧૪૮ થી વધારે ડેન્ટલ કોલેજોએ ભાગ લીધેલ હતો.આ સ્પર્ધામાં જામનગરની ગર્વમેન્ટ ડેન્ટલ કોલેજ અને હોસ્પિટલના ડોકટર સ્ટાફ તથા અભ્યાસ કરતા યુજી-પીજીના વિદ્યાર્થીઓ દ્વારા પણ ડિન ડો. નયના







પટેલના માર્ગદર્શન હેઠળ વિશ્વ ઓરલ હેલ્થ દિવસની ઉજવણી કરવામાં આવી હતી અને ઇન્ડિયન સોસાયટી ઓફ પેરીઓડોંટોલોજી (ISP) દ્વારા આયોજિતસ્પર્ધાઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ હતો. આયોજિત સ્પર્ધાઓમાંથી ડેન્ટલ ચેકઅપ અને સ્ક્રીનિંગ કેમ્પ સ્પર્ધામાં ગર્વમેન્ટ ડેન્ટલ કોલેજ અને હોસ્પિટલના પેઢા વિભાગ દ્વારા કુલ ૧૫૫૮ દર્દીઓનું ઓરલ હેલ્થ ચેકઅપ કરી, દેશભરની ડેન્ટલ કોલેજોમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી જામનગરનું ગૌરવ વધાર્યું છે.

જે અનુસંધાને તાજેતરમાં અમૃતસર ખાતે આયોજિત ઇન્ડિયન સોસાયટી ઓફ પેરીઓડોંટોલોજીની વાર્ષિક નેશનલ કોન્ફરન્સમાં જામનગરની ગર્વમેન્ટ ડેન્ટલ કોલેજ અને હોસ્પિટલના પેઢા વિભાગની ટિમ ડો. નયના પટેલ, ડો. રાધા વાછાણી, ડો. નિશા વર્લિયાની, ડો. ગૌરવ બકુત્રા, ડો.અંકિત સંત, ડો. વશીષ્ઠ વ્યાસ, ડો. જલ્પક શુક્લા, ડો. ઉમેદ ચેતરીયા તથા પોસ્ટ ગ્રેજયુએટ વિદ્યાર્થીઓને પ્રશસ્તિપત્ર અને પરિતોષિક એનાયત કરી સન્માન કરવામાં આવ્યું હતું.

# હળવદના જુના દેવળીયા નજીક બોલેરોમાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગી

**મુખ્ય સમાચાર, મોરબી**

મળતી માહિતી અનુસાર હળવદ તાલુકાના જુના દેવળીયા ગામે રહેતા ભરતભાઇ નારાયણભાઇ નાંઘા ઉવ.૪૨ એ હળવદ પોલીસ મથકમાં જાહેર કર્યુ કે ગત તા.૧૩/૧૨ ના રોજ જુના દેવળીયા નજીક ચરાડવા પાસે ભરતભાઇની માલિકીની બોલેરો ગાડી રજી.નં. જીજે-૩૬-વી-૦૫૩૮ વાળીમાં અચાનક કોઇ કારણોસર આગળના બોનેટમાં અવાજ આવી વાયરીંગમાં શોટ સર્કીટ થવાના લીધે ગાડીમાં આગળના ભાગે સળગવા લાગવાના લીધે ઉપરોક્ત બોલેરો ગાડીમાં મોટા પ્રમાણમાં નુકશાન થયેલ હોય જે બાબતે હળવદ પોલીસ મથકમાં જાણવા જોગ નોંધ કરી આગળની તપાસ હાથ ધરી છે. વધુમાં ગાડીનો વિમો મંજુર કરાવવા માટે આજરોજ હળવદ પો.સ્ટે.આવી જાહેરાત આપ્યાનું જાહેર કર્યું છે.

# મોરબીમાં શાળા વિદ્યાર્થીઓને સ્વેટર અને ગરીબોને ભોજન કરાવી જન્મદિવસની પ્રેરણાદાયી ઉજવણી

## યંગ ઈન્ડિયા ગ્રુપના મેન્ટોરના ભત્રીજા જન્મદિવસની ઉત્સાહભેર ઉજવણી

**મુખ્ય સમાચાર, જયેશ બોખાણી**

**મોરબી :** મોરબીમાં જન્મદિવસની બીજાને ખુશી આપી પોતે ખુશી અનુભવીને જન્મદિવસની પ્રેરણાદાયી ઉજવણી માટે જાણીતા યંગ ઇન્ડિયા ગ્રુપના મેન્ટોરના ભત્રીજા જન્મદિવસની આપવાના આનંદ હેઠળ ઉજવણી કરાઈ હતી. જેમાં સરકારી પ્રાથમિક શાળા બાળકોને સ્વેટર આપી અને ગરીબોને ભોજન કરાવી આ બાળકના જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી.

મોરબી યંગ ઇન્ડિયા ગ્રુપના મેન્ટોર દેવેનભાઈ રબારીના ભાઈ દિનેશભાઈના





પુત્ર વિહાનનો આજે જન્મદિવસ હતો. આથી આ દિનેશભાઇના પુત્રના જન્મદિવસની આપવાના આનંદ હેઠળ ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સરકારી પ્રાથમિક શાળાના બાળકોને ગરમ સ્વેટરનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ ઝૂંપટપટ્ટી વિસ્તારમાં અંદાજીત ૬૦૦ જેટલા લોકોને ભાવતા ભોજનીયા કરાવીને જન્મદિવસની પ્રેરણાદાયી ઉજવણી કરી હતી.

# હળવદમાં ઉમિયા માતાજીનું ભવ્ય મંદિર નિર્માણ પામશે

**મુખ્ય સમાચાર, હળવદ**

હળવદમાં શુભ ચોઘડિયામાં ઉમા કન્યા છાત્રાલય ખાતે કડવા પાટીદાર સમાજના કુળદેવી જગત જનની માં ઉમિયાજીના મંદિરનું ભૂમિપૂજન છાત્રાલયમાં અભ્યાસ કરતી બાળાઓના શુભ હસ્તે શાસ્ત્રોક્ત વિધિથી પાટીદાર સમાજના અગ્રણીઓ,વડીલો અને યુવાનોની હાજરીમાં કરવામાં આવ્યું. કહેવત છે ને કે આદર્યા અધૂરા ન રહે,એમાંય વળી પાટીદાર સમાજના કુળદેવી માં ઉમિયાના મંદિરનું નિર્માણ થતું હોય તેની પ્રેરણા લઈને મૂળ નવા દેવળીયા વતની અને હાલ અડાલજ ગાંધીનગર ખાતે રહેતા સવજીભાઈ વિડજાએ પોતાના રળેલા



રૂપિયા,પરસેવાની કમાણીમાંથી ૫,૧૧.૦૦૦/- પાંચ લાખ અગિયાર હજાર જેવી માતબર ધનરાશી અર્પણ કરી હતી. સવજીભાઈ વિડજાની આ દાનવીરતાને ઉપસ્થિત સૌ કોઈએ વધાવી લીધી હતી.

# વિકસિત ભારત સંકલ્પ યાત્રાને ચરિતાર્થ કરતો રથ પહોંચ્યો ટંકારા તાલુકાનાં હિરાપર ગામના આંગણે

## ભારત ૨૦૪૭ સુધીમાં ફરીથી સોને કી ચિડિયા બનશેઃધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરિયા

**મુખ્ય સમાચાર, મોરબી**

સમગ્ર દેશના ખુણે ખુણાનું ગામડું વિકસિત બને અને સામાન્ય તેમજ જરૂરિયાતમંદ એમ દરેક લોકો સરકારની કલ્યાણકારી યોજનાઓનાં લાભને ઘર આંગણે જ મેળવી શકે તે માટે સરકાર દ્વારા વિકસિત ભારતના સંકલ્પ યાત્રા રથની શરૂઆત કરવામાં આવી છે. જે અન્વયે આજે ટંકાર તાલુકાના હિરાપર ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો રથ લોક કલ્યાણી યોજના સાથે પહોંચીને લોકોને વિવિધ યોજનાથી લાભાન્વિત કર્યા હતા.

આ પ્રસંગે ટંકારા ધારાસભ્યશ્રી દુર્લભજીભાઈ દેથરિયાએ જણાવ્યું હતું કે આપણા ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રા રથનું જે આગમન થયું છે તેનો મુખ્ય ઉદ્દેશ સરકાર શ્રીની યોજનાઓનાં લાભથી કોઈ વંચિત ન રહે તે માટેનો છે. લોકો આ રથને મોદીજીની ગેરેંટીની ગાડીના હુલામણા નામથી ઓળખવા લાગ્યાં છે. આ રથ થકી કેન્દ્ર સરકારની ૧૭ યોજનાના લાભ વંચિતો સુધી પહોચાડવામાં આવી રહ્યા છે.

દેશમાં કોઈપણ વ્યક્તિ આવાસ પાણી, વીજળી આરોગ્ય, શિક્ષણ વગેરે સવલતોથી વંચિત ન રહે તે માટે




વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી તેમજ તેમના નેતૃત્વ હેઠળ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલની સરકાર સતત પ્રયત્નશીલ છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના દૂરંદેશી અભિગમથી ભારત ૨૦૪૭ સુધીમાં ફરીથી સોનેકી ચિડિયા બનશે તેવું તેમણે વધુમાં જણાવ્યું હતું. આ કાર્યક્રમ અન્વયે મેરી કહાની મેરી જુબાની અંતર્ગત આયુષ્માન કાર્ડ, પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધી, પ્રધાનમંત્રી આવાસ યોજના સહિત વિવિધ યોજનાઓના લાભાર્થીઓએ પોતે મેળવેલ વિવિધ સહાયની ગાથા રજૂ કરી હતી. આ સાથે પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાના લાભાર્થીઓને આયુષ્માન કાર્ડ તેમજ ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓને કીટ સહિત વિવિધ યોજનાઓની સહાય વિતરણ કરવામાં આવી હતી. ઉપરાંત મહાનુભાવોનાં હસ્તે હિરાપર ગ્રામ પંચાયતમાં સો ટકા નલ સે જલ યોજના હેઠળ શ્રેષ્ઠ કામગીરી બદલ ગ્રામ પંચાયતને પ્રમાણપત્ર આપી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

આ પ્રસંગે સર્વે ઉપસ્થિતોએ વિકસિત ભારત સંકલ્પ યાત્રા અન્વયે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનો રેકર્ડ કરેલો સંદેશો સાંભળી ભારતની વિકાસ યાત્રાને પ્રદર્શિત કરતી પ્રદર્શન ફિલ્મ નિહાળી હતી. કાર્યક્રમના અંતે ઉપસ્થિત મહાનુભાવો તથા ગ્રામજનો વિકસિત ભારત માટેના શપથ લઈને દેશના વિકાસમાં વધુને વધુ પોતાનું યોગદાન આપવા સંકલ્પબદ્ધ થયાં હતાં.

કાર્યક્રમ સ્થળે આંગણવાડી કાર્યકર બહેનો દ્વારા ઉભા કરાયેલા પોષણયુક્ત આહારનું નિદર્શન સ્ટોલ, ટેક હોમ રાશન થકી સગર્ભા-ધાત્રી માતા, બહેનો, કિશોરીઓ, બાળકોના પોષણ માટે અતિઆવશ્યક પોષણયુક્ત આહાર વિશે નાગરિકોને માહિતગાર કરવામાં આવ્યા હતા. આરોગ્ય વિભાગ દ્વારા પણ વિનામૂલ્યે આરોગ્યની તપાસનો સ્ટોલ ઉપરાંત ઉજ્જવલા યોજના, પશુપાલન વિભાગ, લીડ બેંક વગેરે વિભાગની યોજનાઓ અંગેના સ્ટોલ ઉભા કરવામાં આવ્યા હતા.આ કાર્યક્રમમાં ધારાસભ્યશ્રી દુર્લભજીભાઈ દેથરિયા, અગ્રણી સર્વશ્રી વસંતભાઈ માંડવિયા, અશોકભાઈ ચાવડા, અલ્પેશભાઈ દલસાણીયા, દિનેશભાઈ વાઘરિયા, પ્રભુભાઈ કામરિયા, અશોકભાઈ ચાવડા, સંજયભાઈ ભાગીયા, રૂપસિંહ ઝાલા, મદદનીશ પશુપાલન શાખાના જે.પી. ઉઘરેજા તથા આરોગ્ય વિભાગ, આઈસીડીએસ, બેક સહિત વિભાગના અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ અને હિરાપરના ગ્રામજનો જોડાયા હતા.

# એમ.પી.શાહ સરકારી મેડીકલ કોલેજમાં NTEP પ્રોગામ અંતર્ગત વિશેષ તાલીમનું આયોજન કરાયું

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર એમ.પી.શાહ સરકારી મેડિકલ કોલેજ ખાતે યોજવામાં આવે છે વર્ષ ૨૦૨૫ સુધીમાં ટી.બી.ને દેશમાંથી નાબૂદ કરવાની પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની નેમને સાકાર કરવા ટી.બી.ના નેશનલ પ્રોગામની કામગીરી વખતોવખત આરોગ્ય વિભાગ દ્વારા કરવામાં આવે છે.આ કાર્યક્રમના ભાગરૂપે એમ.પી.શાહ સરકારી મેડીકલ કોલેજના તમામ તબીબી શિક્ષકો અને વિદ્યાર્થીઓને તાલીમબદ્ધ કરવાના હેતુસર સમયાંતરે





આ માટેની વીશેષ તાલીમનું આયોજન એમ.પી.શાહ સરકારી મેડિકલ કોલેજ જામનગર ખાતે યોજવામાં આવે છે.જે અંતર્ગત સંસ્થાના પ્રથમ વર્ષના તમામ પોસ્ટ ગ્રેજ્યુએટના ૧૮૦ જેટલા વિદ્યાર્થીઓને ટી.બી. લગત તમામ જરૂરી તાલીમ એમ.પી.શાહ સરકારી કોલેજના રેસ્પીરેટરી મેડીસીન વિભાગ અને DTC (ડીસ્ટ્રીકટ ટીબી સેન્ટર) ના સંયોજનમાં આપવામાં આવી હતી. જેમાં તબીબી વિદ્યાર્થીઓને ટીબીને લગતી તમામ પ્રકારની માહિતીથી વાકેફ કરાવાયા હતા.આ તાલીમમાં ટીબી બીમારી વિશેના તજજ્ઞોએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને ઉચિત માર્ગદર્શન પૂરું પાડ્યું હતું

